જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૭/૦૨/૨૦૧૬ શનિવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૩૮૬/૧૬

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૯ કેસ કરી ૨૧ વ્યક્તિઓને ઝડપી ૧૭૩ લીટર દેશી દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગારધારા હેઠળ ૦૨ કેસ કરી ૦૫ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૬૦૦/- અને જુગારનાં સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૩૮૭/૧૬

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૧૯ વ્યક્તિઓની અતકાયત કરી હતી તેમજ પ્રોહી.૯૩ મુજબ ૧૧ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

## અપહરણની ફરીયાદઃ- સમાચાર યાદી નં.૩૮૮/૧૬

**સેટેલાઇટ :** રેખાબહેન રસુલભાઇ પસાયા (ઉ.વ.૧૬)(રહે.એસ.જી.હાઇવે, ઇન્ડીયન હાઇટ્સની નવી બનતી સાઇટ પાછળ, ખુલ્લા પ્લોટમાં) ને તા.૯/૨/૧૬ સાંજનાં ૭/૩૦ વાગ્યાના સુમારે ઘર નજીકથી આરોપી કિરણ બાબુભાઇ કોળી(પટેલ) (રહે.ગામઃ લેકમ્બા, તા.સાણંદ, જી.અમદાવાદ) લલચાવી ફોસલાવી જારકર્મ કરવાના ઇરાદે ભગાડી લઇ ગયો છે. આ અંગેની ફરીયાદ રેખાબહેનનાં ભાઇ અનિલ પસાયાએ તા.૨૬/૨/૧૬ નારોજ સેટેલાઇટ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ મ.પો.કમિ.શ્રી વાય.જે.જાડેજા ચલાવે છે.

**ખોખરા :** આઇરીનબહેન વા/ઓ વીવીયન કાલીફર્ડ પોલ(ક્રિશ્ચીઅન)(રહે.લક્ષ્મીનારાયણ સોસાયટી, મણીનગર પૂર્વ, ખોખરા) એ તા.૨૬/૨/૧૬ નારોજ ખોખરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૪/૨/૧૬ સાંજનાં ૫/૩૦ વાગ્યાના સુમારે ઘર નજીકથી પોતાની પુત્રી કરિના ઉર્ફે ક્રિષ્ણા (ઉ.વ.૧૭) ને અજાણી વ્યક્તિ અપહરણ કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી ડી.એમ.ચૌહાણ ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**<u>સોનાનો દોરો ખેંચી તોડી લઈ ગયાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૨૮૯/૧૬</u>**

**મેઘાણીનગર :** અમિતાબહેન આનંદભાઇ મસુરકર (રહે.સાઇદીપ પ્લાઝા, યસવંત ટાઉનશીપ, ડીમાર્ટની સામે, તા.વસઇ, જી.પાલઘર મહારાષ્ટ્ર) તા.૨૫/૨/૧૬ બપોરના ૩/૦૦ વાગ્યાના સુમારે મેઘાણીનગર કુબેરનગર સુખરામદાસ હોલની પાસે, ખત્રી કલાસીસની સામેથી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ (૨૫ થી ૨૬ વર્ષના આશરાનાં) અમિતાબહેનના ગળામાંથી સોનાનું મંગળસુત્ર અને નેકલેશનો અડધો ભાગ મળી કુલ કિમત રૂપિયા ૮૩,૦૦૦/- ખેંચી તોડી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ અમિતાબહેન મસુરકરે મેઘાણીનગર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી ડી.એસ.પુનડીયા ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)